અમદાવાદમાં આજે બન્યો ગિનીસ વર્લ્ડ રેકર્ડ

લિમ્કા બુક ઑફ રેકર્ડ્સ અને એશિયા બુક ઑફ રેકર્ડમાં પણ જશે.

પરમાત્માને લખાયો ૨૮૪૧ ફૂટ લાંબો વિશ્વનો સૌથી લાંબો પત્ર

**બ્રહ્માકુમારીઝ દ્વારા યોજાયો કોમી એકતાનો એક અનોખો કાર્યક્રમ – એક પત્ર પ્રભુને નામ**

દૈવી સંસ્કૃતિને વિકાર અને આંતકવાદનો પડકાર, ઈશ્વરીય શક્તિની આવશ્યકતા – અશોક ભટ્ટ

અમદાવાદ તા. ૨૮/3/૧૦. આજે અમદાવાદે ઈતિહાસ રચ્યો. ૨૮૪૧ લોકોએ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં 3 કલાકમાં પરમાત્માને ૨૮૪૧ ફૂટ લાંબો પત્ર લખ્યો, જે દુનિયાનો સૌથી મોટામાં મોટો ને લાંબો પત્ર મનાશે.

પત્ર લખનારાઓમાં કેટલાક એન.આર.આઇ. પણ હતા. પત્ર લખવા માટે ૨૭૫ ટેબલ લગાવીને ૫૦૦ ફુટ લાંબુ અને ૪ ફુટ પહોળું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું હતું, જેના પર ૪૦ ઇંચ પ્હોળો કાગળ પાથરવામાં આવ્યો જેમાં સામ સામે બન્ને બાજુએથી પત્રો લખાયા. પત્ર લખવા માટે લાગેલી લોકોની કતાર જોઇને લાગતું હતું કે ભગવાનને પત્ર લખવો એ એમના જીવનની એક રોમાંચકારી ક્ષણ હતી. પત્ર લખવા 3000 સ્કેચ પેન રાખવામાં આવી હતી. આ પહેલાં રોમાનિયામાં ૨૪–૧૧–૨૦૦૯ના રોજ ૮થી ૧૪ વર્ષ ના શાળાના ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૯ દિવસમાં ૪૧૩.૮૦ મીટર (૧૩૫૮ ફુટ) લાંબો પત્ર સાંતાકલોઝને લખ્યો હતો.

આ પત્ર વિશ્વનો સૌથી લાંબો પત્ર મનાય છે. ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ, લિમ્કા બુક ઓફ રેકર્ડ તેમજ એશિયા બુક ઓફ રેકર્ડમાં નોધાવવાની કામગીરી શરૂ થઇ ગઇ છે. કાર્યક્રમની શરૂઆત સવારે ૭:30 કલાકે થઇ. કાર્યક્રમની આયોજિકા બ્રહ્માકુમારી ઇશિતાબહેને સર્વનું ભાવભીનું સ્વાગત કરતાં કહ્યું કે આજના યુવાનો અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલા છે. પરીક્ષાનો ભય, આર્થિક તંગી, બેરોજગારી, નશાની લત, સંબંધોમાં તનાવ જેવાં પરિબળોને પરિણામે આત્મહત્યા જેવી નકારાત્મક ઘટનાઓ વધી છે, જે દેશ માટે ચિંતાનો વિષય છે. કહેવાય છે કે દુઃખ વહેંચવાથી દુઃખ ઘટે છે તો શા માટે ખુદા દોસ્તને પત્ર દ્વારા વાત ન કહીએ? યુવાઓને તનાવમુક્ત બનાવવા તથા વર્તમાન કસોટી રૂપ પરિસ્થિતિઓ નો સામનો કરવા માટે સક્ષમ બનાવવાના ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પરમાત્મ જ શક્તિ વર્તમાન સમસ્યાઓના સમાધાનનું શ્રેષ્ઠ સાધન છે.

વિવિધ ધર્મગુરૂઓ સહિત આશરે ૪૦ વિશિષ્ઠ મહેમાનોએ દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમનું ઉદ્દઘાટન કર્યુ. કાર્યક્રમ ના ઉદ્દઘાટક ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ અશોક ભટ્ટે કહયું કે ગુજરાતની સંસ્કૃતિ ધાર્મિક છે. અનેક ધર્મોના નેતાઓ અહીં આવી ગયા છે. અને એમના યાદગાર સ્થાનો – સોમનાથ, દ્વારિકા વગેરે ગુજરાતમાં છે. આજે આ દૈવી સંસ્કૃતિને વિકારો અને આતંકવાદે પડકાર આપ્યો છે. આવે સમયે ઈશ્વર જ શાન્તિ અને શક્તિ આપી શકે છે. આજના સંજોગોમાં એક પત્ર પ્રભુને નામ એ કાર્યક્રમ પ્રાસંગિક છે.

બ્રહ્માકુમારીઝની સંયુક્ત મુખ્ય પ્રશાસિકા તેમજ યુવા પ્રભાગની અધ્યક્ષા રાજયોગિની રતન મોહિનીજી એ કહ્યું કે આપણે સૌ આત્માઓ એક જ પરમાત્માના સંતાન છીએ. જ્યારે સંતાન બાપથી દૂર જાય તો એને પત્ર લખી ક્ષેમ કુશળ પૂછે છે. આજે આ કાર્યક્રમ દ્વારા બધાંને પ્રભુને પત્ર લખતાં આવડી જશે.

બ્રહ્માકુમારીઝના ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની સરલાદીદીએ સર્વને વરદાની દૃષ્ટિ આપી.

અમદાવાદના ૬૦૦મા સ્થાપના વર્ષ તેમ જ ગૂજરાત યુનિવર્સિટીના હીરક જયંતી વર્ષ નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા તેના યુવા પ્રભાગની રજત જયંતીની ઉજવણીના ભાગ રૂપે "એક પત્ર પ્રભુને નામ" શીર્ષક હેઠળ કોમી એખલાસના એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.